## <u>કૃષિ મહાવિદ્યાલય –વ- કૃષિ પોલિટેકનીક, આ.કૃ.યુ., વસો ખાતે “હોમીયોપેથીક: નિદાન અને સારવાર શિબિર” અને “હોમીયોપેથીક સારવાર અંગે જાગૃતતા બાબતે વ્યાખ્યાન” અંગેનો કાર્યક્રમ યોજાયો</u>

કૃષિ મહાવિદ્યાલય –વ- કૃષિ પોલિટેકનીક, આ.કૃ.યુ., વસોના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તારીખ ૪ માર્ચ, ૨૦૨૩ના રોજ “હોમીયોપેથીક: નિદાન અને સારવાર શિબિર” અને “હોમીયોપેથીક સારવાર અંગે જાગૃતતા બાબતે વ્યાખ્યાન” અંગેનો કાર્યક્રમ સિવિલ હોસ્પીટલ, નડીઆદના સંયુક્ત ઉપક્રમે યોજાયો. ડૉ. પી. એમ. ઉપાદ્યાય, હોમીયોપેથીક મેડીકલ ઓફીસર દ્વારા કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનિકના વિદ્યાર્થીનીઓએ નિદાન કરાવ્યું હતું તેમજ તેમના દ્વારા હોમીયોપેથીક સારવાર અંગે જાગૃતતા બાબતે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું તેમાં તેઓએ હોમીયોપેથીક સારવાર વિષે માહિતગાર કર્યા હતા તેમણે વધુમાં હોમિયોપેથીક અને એલોપેથી દવાઓ કઈ રીતે અલગ પડે છે અને તેના ફાયદાઓ વિષે માહિતી આપી હતી. તેમણે હોમીયોપેથીક દવાઓ બનાવવાની પધ્ધતી વિષે પણ માહિતગાર કર્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ. વી. પી. રામાણીના માર્ગદર્શન હેઠળ કૃષિ મહાવિદ્યાલય વ- કૃષિ પોલિટેકનીકના એન. એસ. એસ. પ્રોગ્રામ અધિકારી પુષ્પા એસ. પરમાર અને ડૉ. એમ. એન. જેગોડા દ્વારા કરવામાં આવ્યું હતું.

### <u>“હોમીયોપેથીક: નિદાન અને સારવાર શિબિર”ના ફોટોગ્રાફ</u>







**“હોમીયોપેથીક સારવાર અંગે જાગૃતતા બાબતે વ્યાખ્યાન” ના ફોટોગ્રાફ**



